M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

**B.Com. LL.B.,**
**Advocate (Guj. High)**

તા.૩૦/૦૭/૨૦૧૯

પ્રતિ,

**જોયબભાઈ અબ્દુલહુસેન ભારમલ**
"મૈમુન મંઝીલ", પત્રકાર કોલોની,
શેરી નં.૧, પટેલ વાટીકા પાસે,
એરોડ્રામ રોડ, રાજકોટ.

બાબત : **ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ**

મહે. સાહેબશ્રી,

અમોને ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબડીસ્ટ્રીકટ રાજકોટના **ગામ સોખડાના રેવન્યુ સર્વે નં.૧૦૨/ પૈકી ૧**ની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૩–૭૫–૩૫ જોયબભાઈ અબ્દુલહુસેન ભારમલ તથા રઝીયાબેન જોયબભાઈ ભારમલે તેમના જોગના રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૪૦૬, તા.૨૦–૦૬–૨૦૧૬ થી શ્રી જીતેશભાઈ ખીમજીભાઈ મકવાણા પાસેથી ખરીદ કરેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં પ્રમાણીત થયેલ છે. ત્યારથી સદરહુ મિલ્કત જોયબભાઈ અબ્દુલહુસેન ભારમલ તથા રઝીયાબેન જોયબભાઈ ભારમલની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. ત્યારબાદ સદરહુ ખેડવાણ જમીનને ઔદ્યોગીક હેતુ માટે ડેવલોપ કરવા બીનખેડવાણ કરવા અંગે તેઓએ રાજકોટ શહેરી વિકાસ સતામંડળ–રાજકોટમાંથી લે–આઉટ માટેની વિકાસ પરવાનગી પ્રકરણ ક્રમાંક નં.રૂડા/ ટેક/ ડેવ/ સોખડા/ ૨૫૮/ ૧૬/ ૪૪૭૭, તા.૧૧–૧૦–૨૦૧૭ થી પરવાનગી મેળવી લે–આઉટ પ્લાન મંજુર કરાવેલ. ત્યારબાદ કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન, બીનખેતી શરતભંગ શાખા, રાજકોટમાંથી બીનખેતી હુકમ નં.એન.એ./લે.રે.કો.ક./૬૫/કેસ નં.૨૨૫/ ૧૭–૧૮, તા.૦૫–૦૩–૨૦૧૮ થી સદરહુ ગામ સોખડાના **રેવન્યુ સર્વે નં.૧૦૨/ પૈકી ૧**ની જમીન ચો.મી.આ.૩૭૫૩૫–૦૦ માંથી પ્રપોઝડ ટી.પી.રીઝર્વેશનની જમીન ચો.મી.આ.૧૩૧૩૭–૨૫ બાદ કરતા બાકી રહેતી જમીન **ચો.મી.આ.૨૪૩૯૭–૭૫** ઉપર ઔદ્યોગીક હેતુ માટે બીનખેતી કરી કુલ ૧ થી ૪૨ પ્લોટસની કુલ જમીન **ચો.મી.આ.૨૦૪૧૭–૮૧** તથા કોમન પ્લોટની જમીન **ચો.મી.આ.૧૮૨૦–૪૨** તથા

...૨

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



રસ્તાની કુલ જમીન **ચો.મી.આ.૨૧૫૯–૫૨** ઔદ્યોગીક હેતુમાટે બીનખેડવાણ થયેલ છે. સદરહુ પ્લોટ નં.૧ થી ૪૨ તથા કોમન પ્લોટ, રસ્તા સહિતના સમગ્ર સંકુલને **"હાઈટેક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક"** નામ આપવામાં આવેલ છે. સદરહુ મિલકતના ઉતરોતર ટાઈટલ ડીડઝની ઝેરોક્ષ ફાઈલ અમોને બતાવવામાં આવેલ છે. જે અંગેનો મારો અભીપ્રાય નીચે મુજબ છે.

સદરહુ મિલ્કતના ઉતરોતર ટાઈટલ ડીડસની ફાઈલ અમોને બતાવવામાં આવેલ છે જે ઉતરોતર ટાઈટલ ડીડઝ અમોએ જોઈ તપાસી ચકાસેલ છે. જે નીચે મુજબ છે.

## —: સદરહુ મિલ્કતના ટાઈટલ :—

(૧) શ્રી જોયબભાઈ અબ્દુલહુસેન ભારમલ વિગેરેએ સદરહુ મિલ્કત અંગે કરી આપેલ રજી.એ.ઓ.પી.અનુ.નં.૧૦૨૦, તા.૦૭–૦૩–૨૦૧૮ની નકલ.

(૨) શ્રી જોયબભાઈ અબ્દુલહુસેન ભારમલ જોગ રઝીયાબેન જોયબભાઈ ભારમલએ કરી આપેલ રજી.કુલમુખત્યારનામુ અનુ.નં.૧૦૨૧, તા.૦૭–૦૩–૨૦૧૮ની નકલ.

(૩) રાજકોટ શહેરી વિકાસ સતામંડળે મંજુર કરેલ વિકાસ કામની પરવાનગી હુકમ નં.રૂડા/ટેક/ડેવ/સોખડા/૨૫૮/૧૬/૪૪૭૭, તા.૧૧–૧૦–૨૦૧૭ની નકલ.

(૪) રાજકોટના મહે.કલેકટર સાહેબે કરેલ હુકમ નં.એન.એ./લેરેકોક/ ૬૫/કેસ નં.૨૨૫/૧૭–૧૮, તા.૦૫–૦૩–૨૦૧૮ થી સદરહુ જમીનને ઔદ્યોગીક હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપેલ છે તે બીનખેતી હુકમની નકલ.

(૫) મંજુર થયેલ બીનખેતી લે–આઉટ પ્લાનની નકલ.

(૬) રાજકોટ શહેરી વિકાસ સતામંડળે મંજુર કરેલ લે–આઉટ મંજુરી પત્ર હુકમ નં.રૂડા/ ટેક/ સોખડા/ ૨૫૮/ ૧૬/ ૪૨૬૩, તા.૦૪–૧૦–૨૦૧૭ તથા તે અંગેના પ્લાનની નકલ.

(૭) શ્રી જોયબભાઈ બબ્દુલહુસેન ભારમલ વિગેરે જોગ શ્રી જીતેશભાઈ ખીમજીભાઈ મકવાણાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૪૦૬, તા.૨૦–૦૬–૨૦૧૬ના રોજની નકલ.

...૩

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

**B.Com. LL.B.,**
**Advocate (Guj. High)**



(૮) શ્રી જીતેશભાઈ ખીમજીભાઈ મકવાણા જોગ શ્રી સુરેશચંદ્ર અમૃતલાલ જસાણી તે જાતે તથા શ્રી રમણકાંત નાનાલાલ જસાણીના કુલમુખત્યાર તથા સ્વ.કાંતીલાલ મોહનલાલ જસાણીના વારસદાર રેખાબેન સુરેશચંદ્ર જસાણી વિગેરે–૩ના કુલમુખત્યાર શ્રી સુરેશકુમાર કાન્તીલાલ જસાણી તથા રમેશચંદ્ર વલ્લભજી વોરાના કુલમુખત્યાર શ્રી મનહરલાલ વલ્લભજી વોરા તથા કેશવલાલ સવદાસભાઈ પટેલના કુલમુખત્યાર તથા જાતે થી શ્રી ખોડીદાસભાઈ સવદાસભાઈ પટેલે કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૩૭૩, તા.૨૧–૦૬–૨૦૦૩ કે જે ૧ નંબરની બુકના નં.૨૦૭૦, તા.૨૭–૦૫–૨૦૧૬ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૯) સ્વ.કાંતીલાલ મોહનલાલ જસાણીના વારસા સર્ટીફીકેટ નં.૯૭૫, તા.૦૫–૧૦–૧૯૮૩ની વીલ સહીતની નકલ.

(૧૦) રમણકાંત નાનાલાલ જસાણીએ સુરેશચંદ્ર અમૃતલાલ જસાણી જોગ તા.૧૯–૦૫–૨૦૦૩ના રોજ કરી આપેલ નોટરાઈઝડ કુલમુખત્યારનામાની નકલ.

(૧૧) શ્રી રમેશચંદ્ર વલ્લભજી વોરાએ શ્રી મનહરલાલ વલ્લભજી વોરા જોગ તા.૨૦–૦૬–૨૦૦૩ના રોજ કરી આપેલ નોટરાઈઝડ કુલમુખત્યારનામાની નકલ.

(૧૨) સ્વ.કાંતીલાલ મોહનલાલ જસાણીના વારસદારો રેખાબેન સુરેશચંદ્ર જસાણી વિગેરે–૩એ શ્રી સુરેશચંદ્ર કાંતીલાલ જસાણી જોગ તા.૩૦–૦૫–૨૦૦૩ના રોજ કરી આપેલ નોટરાઈઝડ કુલમુખત્યારનામાની નકલ.

(૧૩) શ્રી કેશવલાલ સવદાસ પટેલે શ્રી ખોડીદાસભાઈ સવદાસભાઈ પટેલ જોગ તા.૧૧–૦૬–૨૦૦૩ના રોજ કરી આપેલ નોટરાઈઝડ કુલમુખત્યારનામાની નકલ.

(૧૪) શ્રી સુરેશચંદ્ર અમૃતલાલ જસાણી વિગેરે જોગ રાઘવભાઈ કરશનભાઈએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૫૩, તા.૦૬–૦૨–૧૯૬૯ કે જે ૧ નંબરની બુકના નં.૩૮૨૪, વો.૭૪૭, તા.૦૨–૦૮–૧૯૬૯ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

...૪

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

**M.D. FALDU**

B.Com. LL.B.,
Advocate (Guj. High)



(૧૫) રાઘવભાઈ કરશનભાઈ જોગ શ્રી પટેલ ભનુભાઈ પરબતભાઈએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૭૮૮, તા.૧૯–૦૨–૧૯૬૮ કે જે ૧ નંબરની બુકના નં.૩૦૯૧, વો.૬૭૫, તા.૦૪–૧૨–૧૯૬૮ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૧૬) રાઘવભાઈ કરશનભાઈ જોગ હરીલાલ છગનલાલ બ્રહમક્ષત્રી વિગેરેએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૧૯, તા.૧૬–૦૧–૧૯૬૮ કે જે ૧ નંબરની બુકના નં.૨૫૭૫, વો.૬૬૭, તા.૦૧–૦૧–૧૯૬૮ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૧૭) શ્રી પટેલ ભનુ પરબતભાઈ જોગ લક્ષ્મીચંદ શાકરચંદએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૭૩૪, તા.૧૬–૦૩–૧૯૬૪ કે જે ૧ નંબરની બુકના નં.૧૦૪૮, વો.૩૬૮, તા.૦૫–૦૫–૧૯૬૪ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૧૮) હરીલાલ છગનલાલ બ્રહમક્ષત્રી વિગેરે જોગ શ્રી રતિલાલ કસ્તુરચંદ વિગેરેએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૧૮, તા.૧૬–૦૧–૧૯૬૮ કે જે ૧ નંબરની બુકના નં.૨૫૭૪, વો.૬૫૯, તા.૦૧–૧૧–૧૯૬૮ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૧૯) હરીલાલ છગનલાલ બ્રહમક્ષત્રી વિગેરે જોગ ભરવાડ ઘોઘા લાખાએ કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૩૩૨, તા.૦૭–૦૫–૧૯૬૩ કે જે ૧ નંબરની બુકના નં.૨૫૮૪, વો.૩૨૯, તા.૧૩–૦૯–૧૯૬૩ના રોજ નોંધાયેલ છે તેની નકલ.

(૨૦) રૂડાએ આપેલ ઝોનીંગ સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાનની નકલ.

(૨૧) માપણીશીટ, હિસ્સા ફોર્મ નં.૪ની નકલ.

(૨૨) ટીપ્પણની નકલ.

(૨૩) પ્રમોલગેશનથી ઉતરોતર ગામ નમુના નં.૬(હકક પત્રક),૭,૧૨, ૮–અની નકલો. તથા ગામ નમુના નં.૨ની નકલ.

**<u>સર્ચ તથા અભિપ્રાય :–</u>**

આમ સદરહું મીલ્કત ટાઈટલ ઉતરોતર મળતા આવતા હોય, સદરહુ મિલ્કત ટાઈટલ કલીયર અને લોનેબલ છે તેવો હું અભિપ્રાય આપુ છુ. તેમજ ઉપરોકત ટાઈટલ

...૫

M.No. 98256 49755

Office :
101-Jyoti Complex,
Nr. Balaji Hall,
150 Ft. Ring Road, Rajkot

***M.D. FALDU***

***B.Com. LL.B.,***
***Advocate (Guj. High)***



ડીડઝ વંચાણે લેતા સદરહું મિલકતના પ્લોટ નં.૧ સિવાયના તમામ પ્લોટસ વેચાણ આપેલ છે. સદરહુ મિલ્કત અંગેના ટાઈટલ શંકાથી પર, કલીયર હોવાનું માલુમ પડેલ છે. તેમજ રાજકોટ સબ–રજીસ્ટ્રાર કચેરીમાં સદરહુ મિલ્કત અંગે છેલ્લા **૧૩ વર્ષ**નું સર્ચ અમોએ કરેલ છે જે અંગેની રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૩ ના પહોંચ નં.૨૦૧૯૦૨૪૦૧૪૪૯૦, તા.૧૧–૭–૨૦૧૯ તથા રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન–૮–ગ્રામ્યના પહોંચ નં.૨૦૧૯૩૨૮૦૦૬૭૧૭, તા.૧૧–૦૭–૨૦૧૯ ના રોજ મેળવેલ છે.

આમ સદરહુ મિલ્કતમાં **૧૩ વર્ષના સર્ચ** દરમ્યાન કોઈપણ જાતના વાંધા કે તકરાર સદરહુ મિલ્કત સંબંધે જાણવા મળેલ નથી.

આમ ઉપરોકત ટાઈટલ ડીડઝ તથા મિલ્કતને લગતા તમામ રેકર્ડ તથા જમીનના ઉતરોતર રેકર્ડ જોતા સદરહું મિલ્કત ટાઈટલ કલીયર છે તેવો હું અભિપ્રાય આપુ છું.

રાજકોટ,

તા.૩૦–૦૭–૨૦૧૯

..............................

**એમ.ડી.ફળદુ**
(એડવોકેટ)
સનંદ નં.G/2076/2001

M. D. FALDU
B.Com., LL.B.
Advocate (Gujarat High Court)
101 - 102, Jyoti Complex,
2-Govind Ratna Park Corner,
Nr. Balaji Hall, 150 Feet Ring Road,
RAJKOT. Mo. 98256 49755
Enrl. No. G/2076/2001

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.નં. 102/ પૈકી 1, હાઇટેક ઇન્ડસ્ટ્રીયલ પાર્ક

Search in : સોખડા/SOKHDA

પહોંચ નંબર: ૨૦૧૯૦૨૪૦૧૪૪૯૦ અરજી નંબર: ૯૦૪૧ અરજી વર્ષ: ૨૦૧૯

તા: ૧૧ માહે: જુલાઈ સને: ૨૦૧૯

રજુ કરનારનું નામ **એમ.ડી.ફળદુ (એડ) શોધ**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૨૦૦૫ ૨૦૧૨ | ૫૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-3(JAMNAGAR ROAD)
રાજકોટ સબ રજીસ્ટ્રારની (સિક્કો) રાજકોટ-૩ (જામનગર રોડ)

| કુલ એકંદરે રૂ. | ૫૦ |
|---|---|

અંકે રૂપીયા પચાસ પુરા.

દસ્તાવેજ / નકલ ના દિવસે તૈયાર **થશે અને** તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( Praful Kantilal Modi )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 3

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સોખડા ના રે.સ.નં. 102/ પૈકી 1 પર આવેલ હાઇટેક ઇન્ડસ્ટ્રીયલ પાર્ક

Search in : Sokhda/Sokhda

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૩૨૮૦૦૬૭૧૭ | અરજી નંબર | ૩૨૬૦ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૧૧ | માહે | જુલાઈ | સને | ૨૦૧૯ |

**રજુ કરનારનું નામ** એમ.ડી.ફળદુ (એડ) (શોધ)

**નીચે પ્રમાણે ફી પહોંચી** રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.......................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......................................

શેરોની નકલ કરવા માટે ફી.............................................

ટપાલ ખર્ચ.....................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )...............................

શોધ અગર તપાસણી............Year: 2012 2019 ૫૦.૦૦

દંડ કલમ-૨૫...................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ ).........................................................

નકલ ફી ફોલીયો.............................................................

ઈન્ડેક્ષ-૨ ફી ..................................................................

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | **૫૦.૦૦** |

**અંકે રૂપીયા પચાંસ પુરા**

દસ્તાવેજ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-8 (RURAL) રાજકોટ સબ રજીસ્ટ્રારની (ગ્રામ્ય) રાજકોટ-૮ (રૂરલ) સત્યમેવ જયતે

TARAMATIBEN NARASANGBHAI PARMAR
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - ૮ - ગ્રામ્ય